# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) **ગુજરાત વિધાનસભામાં 20 ફેબ્રુઆરીએ અંદાજપત્ર રજૂ કરવામાં આવશે**

2) **રાજ્યભરમાં 25 જાન્યુઆરી સુધી "શાળા સલામતી સપ્તાહ-2025"નું આયોજન.**

3) **રાજ્ય સરકારે વિવિધ વિકાસકાર્યો માટે 605 કરોડ 48 લાખ રૂપિયાની ફાળવણી કરી.**

4) **સુરતમાં રમાઈ રહેલી ટેબલ ટૅનિસ ચેમ્પિયનશીપમાં રાજ્યની મહિલા ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી.**

5) **રાજ્યમાં આગામી 2 દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની આગાહી નહીંવત્.**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET SESSION

**રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. 20 ફેબ્રુઆરીએ રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં અંદાજપત્ર રજૂ કરાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંદાજપત્ર સત્રનું આહ્વાન કર્યું છે. આ સત્ર અંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ માહિતી આપી હતી.**

**(બાઈટઃ શંકર ચૌધરી, અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા)**

# CM LOKARPAN

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ શહેરના દક્ષિણ બોપલ વિસ્તારમાં ઑક્સિજન પાર્કનું લોકાર્પણ કરશે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર ખાનગી ભાગીદારીના ધોરણે આ ઑક્સિજન પાર્કનું નિર્માણ કરાયું છે.**

# ROBOFEST 4.0

અમદાવાદના સાઇન્સ સિટી ખાતે આજથી રોબોફેસ્ટ ગુજરાતના ચોથા તબક્કાનો ગ્રાન્ડ ફિનાલે યોજાશે, જેમાં ગુજકોસ્ટ દ્વારા સ્ટેમ સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા સાત પ્રકારના રોબોટને વિવિધ શ્રેણીમાં સમાવવામાં આવ્યા છે. આ સ્પર્ધામાં ભાગ લેવા દેશભરમાંથી એક હજાર **284** ટીમે નોંધણી કરાવી હતી, જેમાંથી 100 ટીમની ફાઇનલ માટે પસંદગી થઈ છે. વધુમાં, 500

વિદ્યાર્થીઓ, માર્ગદર્શકો, નિષ્ણાતો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેશે.

# CM SHALA SALAMATI SAPTAH

**રાજ્યભરમાં 25 જાન્યુઆરી સુધી "શાળા સલામતી સપ્તાહ-2025" યોજાશે. GSDMA એટલે કે, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ સપ્તાહ અંતર્ગત ત્રણ હજાર જેટલી શાળાઓમાં ભૂકંપ, આગ અકસ્માત, પૂર, શોર્ટ સર્કિટ જેવા વિષય ઉપર રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRF, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- SDRF, અગ્નિશમન દળના સહયોગથી મોકડ્રીલનું પણ આયોજન કરાશે.**

**દરમિયાન ઈન્ડિયન રેડક્રોસ, 108 ઇમરજન્સી એમ્બુલેન્સના સહયોગથી આરોગ્ય વિષયક તાલીમ અને નિદર્શન કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક વીડિયો સંદેશમાં શાળા સલામતી સપ્તાહના મહત્વ અંગેની વાત કરી હતી.**

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

# CM GRANT

**રાજ્ય સરકાર દ્વારા ગઈકાલે એક જ દિવસમાં વિવિધ વિકાસકાર્યો માટે 605 કરોડ 48 લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સત્તાવાર યાદી મુજબ, નગરપાલિકાઓમાં નવીન બગીચા-ગાર્ડન બનાવવા 40 કરોડ રૂપિયા, 13 નગરોમાં**

ગ્રંથાલય નિર્માણ માટે 39 કરોડ રૂપિયા, 22 નગરપાલિકાઓના હયાત ગ્રંથાલયોને અદ્યતન બનાવવા રૂપિયા 33 કરોડ, સ્ટોર્મ વૉટર ડ્રેનેજ, આઉટગ્રોથ વિસ્તાર વિકાસ, શહેરી સડક યોજના, ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના અને રેલવે ઓવરબ્રિજ માટે 493 કરોડ 48 લાખ રૂપિયા ફાળવાયા છે. ઉપરાંત વડોદરા મહાનગરપાલિકામાં શહેરની આગવી ઓળખના વિકાસકાર્યો માટે કુલ 104 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.

આ રકમમાંથી લીંબડી, માંડવી-કચ્છ, મુંદરા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, સોનગઢ, વલસાડ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળમાં વિવિધ વિકાસ કાર્યો કરાશે.

# BACHUBHAI KHABAD - CHHOTA UDEPUR

છોટા ઉદેપુર જિલ્લા પંચાયત કચેરી ખાતે પંચાયત અને કૃષિ રાજ્યમંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પંચાયત વિભાગની પ્રવૃતિઓ અને કામગીરી અંગેની ચર્ચા કરવામાં આવી.

શ્રી ખાબડે જણાવ્યું કે, જિલ્લામાં પંચાયત વિભાગની કામગીરી તેજ ગતિથી ચાલી રહી છે, જેમાં 90થી 95 ટકા કામ પૂર્ણ થયું છે અને બાકી કામ ટૂંક સમયમાં પૂર્ણ થશે. આવાસ ભાગ – 2ની સરવેનું કામ ચાલી રહ્યું છે.

# SURAT TENNIS

સુરતમાં રમાઈ રહેલી 86મી સિનિયર નેશનલ અને ઇન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં રાજ્યની મહિલા ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, ફ્રેનાઝ ચિપીયા, ક્રિત્વિકા અને ઑઈશિકીએ ઓડિશાની ટીમને ત્રણ શૂન્યથી પરાજય આપ્યો હતો.

પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ ખાતે સ્થાનિક ખેલાડી ફ્રેનાઝ ચિપીયાએ ધીમા પ્રારંભ બાદ ભવ્ય પ્રદર્શન કરીને નેહા કુમારીને 3-2થી હરાવ્યાં હતાં. આ સાથે જ રાજ્યની મહિલા ટીમે ઓડિશાને ત્રણ શૂન્યથી હરાવી આ સિદ્ધિ હાંસલ કરી છે.

# WEATHER

રાજ્યમાં આગામી 2 દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની કોઈ શક્યતા નથી, ત્યારબાદ તાપમાન 2થી 3 ડિગ્રી ઘટવાની શક્યતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક પર 13, ભુજ અને પોરબંદરમાં 14, અમરેલી, રાજકોટ અને કેશોદમાં 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ સહિત તમામ શહેર અને જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો 16થી વધુ રહ્યો હતો.

# KUTCH WINTER FEST

કચ્છના અજરખપુરમાં વિન્ટર ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. 23 જાન્યુઆરી સુધી યોજાનારા આ મહોત્સવમાં ઓડિશાની સંસ્કૃતિ, હસ્તકલાનો વારસો પણ જોવા મળ્યો હતો. મહોત્સવને માણવા ગુજરાત સિવાય અન્ય રાજ્યના પ્રવાસીઓ આવ્યા હતા. કચ્છના કારીગરોને રોજગારી મળી રહે તે માટે દર વર્ષે યોજાનારા આ મહોત્સવ અંગે LLDC એટલે કે, લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટરનાં મેનેજિંગ ટ્રસ્ટી અવની શ્રોફે માહિતી આપી હતી.

**(બાઈટ – અવની શ્રોફ, મેનેજિંગ ટ્રસ્ટી, LLDC)**

# BHUPENDRA ZALA

રાજ્યમાં 6 હજાર કરોડ રૂપિયાથી વધુના કૌભાંડનો આરોપી ભૂપેન્દ્ર ઝાલાની વધુ એક કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, સીઆઈડી ક્રાઈમે ટ્રાન્સફર વૉરન્ટના આધારે સાબરમતી જેલમાંથી ભૂપેન્દ્ર ઝાલાની ધરપકડ કરી છે. સીઆઈડી ક્રાઈમમાં તેની સામે ત્રણ ફરિયાદ નોંધાઈ હતી.

# TRAIN DELAYED

પશ્ચિમ રેલવે દ્વારા માહિમ અને બાંદ્રા સ્ટેશન વચ્ચે પુલનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હોવાથી 24, 25 અને 26 જાન્યુઆરીએ દોડનારી કેટલીક ટ્રેનને અસર થશે. સત્તાવાર યાદી મુજબ, 25મીએ મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરન્તો એક્સપ્રેસ અને 26મીએ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરન્તો એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જ્યારે 24મીએ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલી થોડો સમય બંધ રહેશે. તેમજ બોરીવલી અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઉપરાંત 25મીએ અમદાવાદ-દાદર ગુજરાત મેલ પાલઘરમાં થોડાક સમય બંધ રહેશે. તેમજ પાલઘર અને દાદર વચ્ચે આંશિક રીતે આ ટ્રેન રદ રહેશે.

# RAJYPAL - BHAVNAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભાવનગર ખાતે ગઈકાલે પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા ખેડૂતો સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી. આ પ્રસંગે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતીથી થતાં લાભ અંગે માહિતી આપી હતી.

શ્રી દેવવ્રતે વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેની જાણકારી મળી રહે તેવા પ્રયાસ કરવા અને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું વેચાણ વધારવા, ખેડૂતોની વસ્તુઓ વેચવા જગ્યા ફાળવવા અધિકારીઓને સુચના આપી હતી.